કમલદલ–૪

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

# ૧ પુષ્ટિકવન


રચયિતા

*દેવેન્દ્ર શાહ*

(નિમિત્તમાત્ર)

| | | |
|---|---|---|
| પુસ્તકનું નામ | : | ૧ પુષ્ટિકવન© |
| રચયિતા | : | દેવેન્દ્ર શાહ |
| કોપી રાઈટ | : | દેવેન્દ્ર શાહ |
| પ્રકાશક | : | દેવેન્દ્ર શાહ<br>૫૦૨, આંગન એપાર્ટમેન્ટ,<br>કસક પાસે, ભરૂચ–૩૯૨ ૦૦૧.<br>ફોન : (૦૨૬૪૨) ૨૨૯૦૪૮ |
| આવૃત્તિ | : | ૨૦૦૫ (પ્રથમ) |
| મૂલ્ય | : | પ્રયાસ – તત્સુખાર્થ |
| ન્યોચ્છાવર | : | ૩૦ રૂપિયા |
| રવાનગી ખર્ચ | : | ૧૫ રૂપિયા |
| અર્પણ | : | આજે પણ જેમના હૃદયમાં બિરાજી પોતે જ પોતાની લીલાનો વાણી પ્રવાહ વહાવી રહ્યા છે તેવા બડભાગિયાઓને ....... |

પ્રાપ્તિ સ્થાન :

**શ્રીદેવેન્દ્ર શાહ**
૫૦૨, આંગન એપાર્ટમેન્ટ, કસક પાસે, ભરૂચ–૩૯૨ ૦૦૧.
ફોન : (૦૨૬૪૨) ૨૨૯૦૪૮

**શ્રીદેવાંગિનીબહેન શાહ**
૫૫, શ્રીનાથધામ ડુપ્લેક્ષ, દિનેશ મીલ પાછળ,
ઉર્મિ ચાર રસ્તા પાસે, વડોદરા.
ફોન : (૦૨૬૫) ૫૫૮૬૮૭૫

**શ્રીભોગીલાલ આર. શાહ**
૪, નંદાભુવન, બજાજ રોડ, વિલે પાર્લે (વેસ્ટ), મુંબઈ.
ફોન : ૨૬૭૧૦૫૩૧

**શ્રીહર્ષદભાઈ ચાંગેલા**
ડી. કાંતિલાલ એન્ડ કું. ચિત્તાખાના બજાર, જૂનાગઢ.
ફોન : (૦૨૮૫) (ઓ.) ૨૬૬૦૨૯૭

[illegible]

# અનુક્રમણિકા


| ક્રમાંક | નામ | પાન | ક્રમાંક | નામ | પાન |
|---|---|---|---|---|---|
| ૧. | મંગલાચરણ શ્રીઆચાર્યજીનું | ૧ | ૩૪. | ન માફ.... | ૧૫ |
| ૨. | શ્રીગુસાંઈજીનું મંગલાચરણ | ૧ | ૩૫. | સંબંધ | ૧૫ |
| ૩. | શ્રીઠાકોરજીનું મંગલાચરણ | ૨ | ૩૬. | બ્રહ્મસંબંધ/કૃષ્ણસેવા | ૧૬ |
| ૪. | મંગલા જગાવન | ૨ | ૩૭. | અનુગ્રહ | ૧૬ |
| ૫. | મંગલ ભોગ | ૩ | ૩૮. | નિ:સાધન | ૧૬ |
| ૬. | મંગલા દર્શન | ૪ | ૩૯. | ગોકુળવાસીનો સંદેશો | ૧૭ |
| ૭. | શ્રૃંગાર | ૫ | ૪૦. | કૃપાવન | ૧૭ |
| ૮. | ગ્વાલ | ૫ | ૪૧. | વિપ્રયોગ | ૧૮ |
| ૯. | વ્રજથી ગોકુળ ભણી | ૬ | ૪૨. | શરણ | ૧૮ |
| ૧૦. | ગોકુળમાં પ્રવેશ | ૬ | ૪૩. | નટ વર | ૧૯ |
| ૧૧. | સંધ્યા આરતી | ૭ | ૪૪. | સ્વજન | ૪૪ |
| ૧૨. | શયન ભોગ | ૮ | ૪૫. | એક દિવ્ય સ્મૃતિ | ૨૦ |
| ૧૩. | શરણ | ૯ | ૪૬. | દૈવી જીવ | ૨૦ |
| ૧૪. | ઉપર | ૯ | ૪૭. | ભાવાંજલિ | ૨૧ |
| ૧૫. | વેણુનાદ | ૯ | ૪૮. | ઝંખના | ૨૧ |
| ૧૬. | તત્સુખ | ૯ | ૪૯. | વસ્ત્રહરણ લીલા | ૨૨ |
| ૧૭. | દુબારા | ૯ | ૫૦. | વ્રજથી મથુરા | ૨૨ |
| ૧૮. | દીનતા | ૯ | ૫૧. | વ્રજથી વિદાય | ૨૩ |
| ૧૯. | તસવીર | ૧૦ | ૫૨. | ભક્તિ | ૨૩ |
| ૨૦. | આર્તનાદ | ૧૦ | ૫૩. | તદીય – વ્યસની | ૨૪ |
| ૨૧. | અર્ધભુક્ત | ૧૦ | ૫૪. | સ્વરૂપાશક્તિ | ૨૪ |
| ૨૨. | દોસ્તી | ૧૦ | ૫૫. | કૃષ્ણાત્મક દૃષ્ટિ | ૨૫ |
| ૨૩. | પુરુષોત્તમત્વ | ૧૧ | ૫૬. | દર્પેશ | ૨૬ |
| ૨૪. | વિશ્વાસ | ૧૧ | ૫૭. | વ્રજ – વ્રજાધીપનું | ૨૭ |
| ૨૫. | ભક્ત | ૧૧ | ૫૮. | સ્વામી સેવક ધર્મ | ૨૮ |
| ૨૬. | સુંદર | ૧૧ | ૫૯. | દંશ | ૨૯ |
| ૨૭. | વિરાહગ્નિ | ૧૨ | ૬૦. | અંગીકૃત | ૩૦ |
| ૨૮. | એકરૂપતા | ૧૨ | ૬૧. | વરસગાંઠની તારી ભેટ | ૩૧ |
| ૨૯. | બટવારો | ૧૨ | ૬૨. | ત્રણ ફુગ્ગા | ૩૩ |
| ૩૦. | બ્રહ્મસંબંધ | ૧૩ | ૬૩. | ત્યાં અને અહીં | ૩૪ |
| ૩૧. | થાવું | ૧૩ | ૬૪. | ટેસ્ટીંગ રિપોટ | ૩૪ |
| ૩૨. | ભૂલકણો | ૧૪ | ૬૫. | પુષ્ટિ પ્રભુની વિજ્ઞપ્તિ | ૩૬ |
| ૩૩. | લપોટશંખ | ૧૪ | | | |

## મંગલાચરણ શ્રીઆચાર્યજીનું ૧

**(શ્રીમહાપ્રભુજીનું ભૃગુકચ્છમાં આગમન)**

નર્મદે ... તું સુભાગ્યવાન છો,
સ્તુતિય નહોતી કરી.
ચરણ – છાપ હૈયે છૂપાવ્યા.
તારી તટ–રજ પવિત્ર થઈ ગઈ,
વ્રજ રજ થઈ ગઈ.
પ્રકાશ – પૂંજ ફેલાયાં,
તટરજ પ્રકાશીત થઈ ગઈ.
તારાં જળબિંદુ ગદગદીત થઈ ગયાં,
અંજલિમાં સમાઈ,
નર્મદે યમુને બની.
પુલિન રાચી રહ્યા, વૃક્ષ વંદી રહ્યા,
વાયુ લહેરી રહ્યો ... આનંદથી,
વ્રજ રજ લપેટાઈને.
તવ ચરણ – રેખ દર્શને
કૃતાર્થ થાઉં
હે ... ! શ્રી વલ્લભ પ્રભુ ...!!

## શ્રીગુસાંઈજીનું મંગલાચરણ ૨

આપકે કૃપાક્ષેત્ર સે બાહર,
આપ હમેં મત જાને દો.
કૃપાસિંધુ શ્રી વલ્લભનંદન,
નિજજન બિરુદ બનાયે રહો.
આપકે ચરણ – કમલમેં રતિ હો.
ઔર પ્રીતિ નિજજન મેં હો.
ગિરિ ગોવર્ધન, શ્રીયમુનાજી
રજ – જળ પાન કરાયે રહો.

તુમરે ચરણ કમલકો વંદુ
વંદુ ... વંદુ ... તુમરે.... (૧)
કાલીય કે સરપર ચરણ દો નાચે,
ચંદ્ર સરોવર પર વો ઠમકે,
ખંધે પર ચઢ દધિ માટ ઉતારે,
ગોપીકી ટેર સૂન ચરણ વો ભાગે,
વૈસે ચરણ કમલકો વંદુ.(૨)
જલ જમુનામેં ક્રિડા કરે વો,
ગાયન કે પિછે વો દૌડે,
કદંબ ચઢકર મુરલી બજાયે
ઔર ગૈયાં, બછરે કો ટેરે,
વૈસે ચરણ કમલકો વંદુ.(૩)
કંકર ખૂંચે ગોપીજનકે હિય,
ઐસે સુકોમલ હૃદય કો ચાંપે.
સમસ્ત વ્રજજનકો નાચ નચાવે.
નાચે ચરણા... ચરણા નાચે....
ઐસે ચરણ કમલકો વંદુ,
વૈસે ચરણ કમલ કો વંદુ,
તુમરે ચરણ કમલ કો વંદુ ....(૪)

## મંગલા જગાવન ૪

તારાં ચરણ – કમલને ઝંખુ ના, પ્રભુ માફ કર.
તારું મુખડું જોવા તલસું હું, પ્રભુ દાન કર.
મારું મન ગયું અટવાઈ ભમરાળા મહીં (ગૂઢવાણી)
તારા સુંદર શ્યામલ કેશ, નામ તવ શ્યામ સહી. (સુંદર)
તારાં બંધ નયનનાં સુખ, આજ તો લેવા દે. (માનસી)
તારાં શ્વાસની આવન જાવન, આજ તો સુણવા દે. (સત્સંગ–દુઃસંગ)
તારું સ્વપ્નીલ સુંદર હાસ્ય, આજ નિરખવા દે. (સંયોગ)
તારાં વંકાતાં એ ઓષ્ટ આજ ફરકવા દે. (વિયોગ)
તારા લાલ કપોલ પર રસનાં દર્શન કરવા દે. (રસરૂપ)
તારા વદન કમળની ઝાંખી આજ તો કરવા દે. (મહાપ્રભુજી)

[નોંધ : કૌંસમાં આપેલા શબ્દ શ્રીમહાપ્રભુજી સંબંધેની ભાવના છે.]

શિશ પર શશી, ચરણમેં ચર્સણી,
હૃદયમેં ઉલ્લાસ, મનકી ઉડાણ...
ઊઠ સન્નાટ દેખ, સપ્તર્ષિ નભ મધે.
સો નહિ પા સકી નયન, મન ચરણ હૃદ.
જસોદારાણીને બોલ દીયો થો
તેરો માખણ મિશ્રી ભાવે.
તબતે દિન રાત નહિ ઘટતી
સૂરજ – ચંદ્ર યૂં થીર ભે ગયે.
ન્હાલી, મહીકો માટ વલોયો,
માખન મિશ્રી શુભ્ર બનાયો.
લે ચલ પહોંચી નંદ ભવન કો,
શ્રવણ, દષ્ટિ લાલનકો ઢૂંઢે.
રખ્યો કટોરો લાલન સમ્મુખ.
નાગર મુસકાયો બલિ બલિ જાઈ

સિંદુર રેલાઈ ગયું પૂર્વ આકાશમાં,
પ્રતિબિંબીત થયું કાન્હના નયનથી.
આળસ મરડી પ્રભુ આપ બેઠા થયા,
માત ને માનુનીને સુખ દેવા.

ઉતાવળે હસ્તથી ગોદ લઈ વ્હાલ દઈ,
માતના હૈયાને શાતા દીધી.
માખણ–મિસરીના કટોરા બાજુ ખેસવી
દ્વાર ખોલી ધસ્યા આંગણામાં

વ્રજરજ ઉત્સુક થઈ, દર્શને ખુશ થઈ,
કુંકુમ ચરણોને સ્વઅંગે ધરવા.
જીવ સૌ વ્રજતણા કોમલાંગી થયા,
આપના ચરણને સુખ દેવા.

ખિરકમાં ગાય સૌ રાહ જોતી હતી,
કયારે વ્હાલીડો મૃદુ સ્પર્શ દેશે ?
કાલુ કાલું વદી, ગૈયાને તૃણ દઈ,
સ્વકીય સંતોષી, આરોગે કલેઉ.

## શ્રૃંગાર ૭

નટખટ આજ સિંગાર કરાવે,
ગ્વાલ બાલકે પીછે ઠાડી, ગ્વાલિનીસે અખીયોંકો નચાવે.
કભિ નચાવે, કભિ લડાવે ઔર મૈયાકો ક્રોધ દીલાવે.
તિલક હીલ ગયો, કંઠી ગીર ગઈ, ઔર કાજલકો દાગ પર ગયો,
હોઠ દબ ગયે, આંખ મુંદ ગઈ, આંસુ આનેકો ઢોંગ રચાયો.
માત મનાયો, ગોપ હસાયો, ગ્વાલિનીને હૈયાસો લગાયો.
અબ લાલન સિંગાર કો બૈઠે, સુંદર રૂપ નિખર જો આયો,
ઘટક ઘટક અવાજ સુનાયો, તૃપ્ત ભઈ ગઈ હૃદકી અખીયાં
નટખટ આજ સિંગાર કરાયો.

## ગ્વાલ ૮

તુ ગ્વાલ હૈ સો હી ચરાવન જાત હૈ ગૈયાં ?
તેરે બીન ભૂખી રહેગી, સો તુ ચરાવત ગૌયાં ?
તોકો નંદબાબા બરજત, સો તુ ચરાવત ગૈયાં ?
પાંવકો ચૂભત, મૈયા અધીરી, ભૂખ લગે તોં
ફિર કયોં ચરવત હૈ ગૈયાં ?
મૈં તોકો જાનું ના આ પાઉં નંદભવનકોં.
તુ મેરે આંખનકો તારો, દર્શન મારગ પાઊં,
તેરે ચરણકમલકી છાપકો નિરખત મુદઊં હૈયાં,
મેરે હાથ સે છાક ખીલાઉં, જૂઠન પાઊં છેલૈયા
તેરે સ્નેહ કી આરત સબકો જલ, તૃણ, પશુ, પંછૈયાં
સો કારણ વૃંદાવન ધન મેં જાત મિલે સખૈયાં
પરસ, શ્રવણ, ટેરત તૂ સબકો વ્રજકો તૂ રખવૈયા
અમરે નેહ કારણ તૂ વ્રજમેં ગોપ ભેખ ભજવૈયા.

[1]સૂર્ય વંદી રહ્યો, દીર્ઘ છાયા થઈ,
ગાય સૌ તૃપ્ત થઈ, વનરાજી ખુશ થઈ,
ગાય અરૂ બાલ સૌ પુત્ર અને માતને,
યાદ કરી નજર ગોકુલ ભણી નાખતા.

[2]પામી પ્રસાદ ગિરિપુલિંદીની મૂક થઈ,
મૂરલીધર ફેંટ દઈ, આરોહી કદંબને,
વેદ સ્વતઃ વાણી છે, 'ઓ ... ઓ...' ટેરી રહ્યા,
ગાય, મોર, મૃગ, મુની વાણીને પી રહ્યા.

[3]વૃક્ષ–વેલી, વરૂણ મૃગ ને પક્ષીઓ,
કયારે હવે આવશે ? એમ તડપી રહ્યા,
ગ્વાલિની, વાછરાં માત અને તાત સૌ,
ઉછળતા હૃદયે રાહ જોઈ રહ્યા.

[4]કોઈને વિયોગ સુખ, કો'ને સંયોગનું,
આપ પ્રભુ પ્રેમની ગોધૂલી ઓઢીને,
યષ્ટી ઘુમાવતા[1], હાંકતા[2], ડોલતા,
કોઈને રદે વસી[4], સમ્મુખ કો'થી થઈ[3].
મેઘ બરખાવી રહ્યા.

[1]પુષ્ટિપ્રવાહ, [2]પુષ્ટિમર્યાદા, [3]પુષ્ટિપુષ્ટિ, [4]શુદ્ધપુષ્ટિ

## ગોકુળમાં પ્રવેશ ૧૦

યજ્ઞ થઈ રહ્યો હતો, નિત્ય ગોકુળમાં,
ધૂમ્રસેરો જઈ રહી હતી વૃંદમાં,
દેતી સંદેશ પ્રભુને નિમંત્રણ તણો,
યજ્ઞનારાયણ જમવા પધારો. (કર્મ)
તપ કીધાં બહુ અમે, આપને જાણવા, (જ્ઞાન)
તપી રહ્યા હૃદયે આપની આશમાં,

ભોજન કીધાં છતાં, સ્વાદની ખબર ના,
ચિત્ત તવ ચરણમાં, મુખ નિરખવા (ભક્તિ).
શિવ તુ, ગોધૂલી અંગ પર છાંટીને,
વિચિત્ર વેશધારી, આવી રહ્યો છું.
ઈન્દ્ર તુ, મેઘ તુ, સર્વને તોષતો,
જીવ જન્માવતો બ્રહ્માય તું જ તું.
વળતા સંદેશમાં, ગોધૂલી મોકલી
મકરંદ આપના શ્રી અંગની,
ગાયના હોંકારા, આપના પડકારા
મધુર વેણુ સમો, રવ પ્રવેશે
કામદેવ આપના પદનખમાં રજ થઈ,
નિત નવા બાણ શિખી રહ્યો છે.
ઈન્દ્રિયોની મધ્યે આપ બિરાજતા,
ઋષિ – મુનીને નવા મંત્ર દેતા
શંખ ને ચક્રને, ચરણમાં ધારીને
વ્રજરજમાં રગદોળી રહ્યાં છો.
સૌને હસાવતા, આપ મૃદુ હાસતા
ગોપીજનોના હૃદયે વસી રહ્યા.
સજળ નયને, અધીરી, ભરે હૃદયે,
વનિતાવૃંદ દૃષ્ટિ પ્રસારે
ગોકુળની ગલીઓમાં આપ પ્રવેશી રહ્યા,
અંગે અંગોને આનંદ દેતા.

## સંધ્યા આરતી ૧૧

આરતી ઉતારું તારી આરતી ઉતારું,
શયન સમયની તારી આરતી ઉતારું,
મારાં નયન – દીપક થકી આરતી ઉતારું,
શત શત ગોપીકાનાં દ્વિશતક દીપકો
હૈયાં હીલોળીને આરતી ઉતારે...૧

દીપશીખમાંથી પ્રવેશી જશે તું,
હૃદયશૈયામાં સુખે પોઢી જવાનો.
અમને ન આવે નિંદર, આરત ચાલે,
ચંદ વિરામે ને મારો અંશુમાન જાગે,
પાંપણ પર બિરાજી મારી આરત સમાવે ... ૨
તેના સ્વપ્નના સુખની વાતો જતાવે,
ડર મને લાગે ખૂબ, છૂપાઈ ન જાય તું.
મંગળા સમયે ફરી આરતી ઉતારું,
પલકે પલકે તારી આરતી ઉતારુ.
આરતી ઉતારું તારી આરતી ઉતારું...૩

## શયન ભોગ ૧૨

ખીરકમેં આ ગઈ ગૈયાં,
પયપાન કર રહી બછરીયાં,
ચિત્ત મેં ભર લીયો કનૈયા,
સ્વપન મેં પાને કો સુખૈયા.
સ્નેહ બરસ રહ્યો માંકી અખીયાં સે,
નંદભવન કીલકાર રહ્યો.
બાબાકી ગોદમેં જાકર બૈઠે,
ભૂખ લગી કછુ દે દે મૈયાં.
સારીસે લાલકો અંગ – મુખ પોંછ લીયો
ઔર ભોજનરસ કોર ખીલાયો.
સબકો સબરસ દેનેવાલે પ્રભુ,
માત સે રસ સબ પાય રહ્યો.
ગોપીજનસે દીયો ગયો કછુ
ભોજન આપ અરોગ રહ્યો.
દિન ભરકી ગોપીન કી બાતેં
પૂછકર મુખવાસ કો પા રહ્યો.

## શરણ ૧૩

શીર ટેકયો ચરણ મેં
અબ કોન ટેકો ચાહિયે ?
તૂ ન જાએ ઔર કયાંહી
વોહી ઠેકો ચાહિયે.

## ઉપર ૧૪

સબ ગોપન, ના ના કહેતે રહે,
ઔર ટીલા તુ ચઢ ગયો.
ઊંચે કદંબકી ઊંચી ડાલી,
ઉપરેના ફહેરાય રહ્યો.

## વેણુનાદ ૧૫

આ તો અમારી ફૂંક છે
ભૂંગળીમાંથી જે વહી રહી.
ખૂબી તો તમારા કર્ણની
કે વેણુનાદ એને કહી રહી.

## તત્સુખ ૧૬

તેં ઈચ્છા કરી અને હું લખતો થયો.
તારી વ્હા વ્હા થઈ અને હું ખુશ થયો.

## દુબારા ૧૭

કથાનક તમારી ને
ગઝલો અમારી,
મહેફીલ સજાણી
અમારી તમારી.
શબ્દો સર્યા ને
કહાણી બહાવી,
અમે મુગ્ધ થઈ ગયા
દુબારા સુણાઈ.

## દીનતા ૧૮

દંડવત કર એવી રીતે
કે ઉપરના ખિંસામાંથી
પેન પડી જાય, (જ્ઞાનાભિમાન)
તથા સાથે સાથે
રોકડ રૂપિયા પણ પડી જાય. (સંપત્તિ અભિમાન)

## તસવીર ૧૯

તસવીર ના ખેંચ
કેમેરો મારા તરફ તાકીને ...
ફેરવી દે કેમેરો ૧૮૦° અને
ખેંચ તસવીર,
અને જો ...
હું છું કે નહિ તસવીરમાં ?
તસવીર ખેંચ
આ ભક્તો તરફ તાકીને ...
અને દેખ હું છું કે નહિ
તસવીરમાં ?

## આર્તનાદ ૨૦

જોર શોરથી બજાવાતો
ઘંટાનાદ બંધ કર, આરતી વેળાનો ...
મને કોઈ તીણો સૂર
કોમળ હૃદયની આર્તીનો
સાંભળવાની ગરજ છે....

## અર્ધભુકત ૨૧

ઈચ્છાથી ભોગવાઈ ચૂકેલો
આ ભોગ, જલ્દી હઠાવી દે...
એની તિવ્ર દુર્વાસથી,
મને ચક્કર આવી રહ્યા છે.

## દોસ્તી ૨૨

આજ – કાલ મારે દોસ્તી છે.
વિશ્વના પરમશ્રેષ્ઠ બુધ પરમેશ્વર સાથે
કે જે મને પરમબુધ માને છે
અને...
એક અબુધ બાળક સાથે
કે જે મને પરમ અબુધ માને છે.

## પુરુષોત્તમત્વ ૨૩

પુરુષોત્તમ કદી પોતે ન થાય,
પુરુષોત્તમ સામે વાળો થાય.
હરિ – ગુરૂ – વૈષ્ણવ સૌ ગુરુજનમાં
પુરુષોતમભાવે સમરાય.

## વિશ્વાસ ૨૪

નિશ્ચલતા મનમાં આણીને, આચારવાનો યત્ન કરાય.
તો પ્રભુ સહાય કેમ નહિ કરશે ? 'કૃપાળુ' નામ અમથું ના થાય
ચાતકને તો એક જ બિંદુ,
આપણને લથબથ તુષ્ટાય.

## ભક્ત ૨૫

ભૂત – ભવિષ્યનાં
બાંધો પોટલા,
વર્તમાન
ખોલો ગઠરીયાં.

## સુંદર ૨૬

બધું ય સુંદર છે
પણ સુંદર નથી,
અને કશુંય સુંદર નથી
તોય સુંદર છે.
જો ન્હોય.... જો તું હોય...

## વિરહાગ્નિ ૨૭

ધખી રહ્યો છું દર્દથી ....
સ્પર્શદે.... શબ્દ દે.... રહમ દે....

## એકરૂપતા ૨૮

અમારી ખુમારી, તમારી દિલારી
તારી એ મહેફીલ'ને દુબારા હમારા,
તારાં એ કીર્તન'ને વાણી અમારી
તારી એ સુરભી'ને શ્વાસો અમારા,
દશ્યો એ તારાં'ને દષ્ટિ અમારી,
તારી એ આંખો ઉંડાણો અમારા,
તારી જ બંશી ને કર્ણો અમારા,
તારાં એ ચરણોને વંદન અમારા.
અમે તો નઠારાં, કૃપા તોય તારી.

## બટવારો ૨૯

અશ્વ તમારા, ગાય અમારી.
બીન તમારી, મુરલી અમારી.
દક્ષિણ તમારાં, વામ અમારાં.
ચરણ તમારાં, મુખ અમારાં.
સાધન તમારાં, દીનતા અમારી.
વિશ્વ તમારું, એક અમારો.

## બ્રહ્મસંબંધ 30

સેંકડો વર્ષો થયાં ભૂલી ગયો છું.
તારી વીણાના સૂરને ....
બસ માત્ર એક જ તારને
મારા હૃદયના;
ઝણઝણાવ ....
બસ પછી કંઈ જ નહિ માંગુ,
કંઈ જ નહિ માંગુ,
આ મારું જેન્ટલ–મેન પ્રોમીસ છે.
અગાઉ પણ તેં કૃપા
કયાં ન્હોતી વરસાવી ?
પણ હું જ કૃતઘ્ન.
બસ ફરી તું મારા આર્દ્ર નેત્રોમાં નીરખ,
મારી સચ્ચાઈને પહેચાન
અને ફરી એકવાર .... બસ એક વાર
કૃપા કરી ઝણઝણાવ .....
મારી હૃદયવીણાના એક તારને ....

## થાવું ૩૧

રોગ આ રાગનો.... અનુરાગ કયાં ?
અભિમાન ના ખપે.... ભાન જોઈએ.
ચિત્ત.... અનુચિતમાંથી ઊખડી જઈ
ઉચિતમાં સ્થિર થાય... હૃદય વાણી
મદમાં મત્ત ના.... મસ્ત થાવું.
મ્હોરા ઉખેડીને.... ચહેરાને પારખું.
હું ક્ષમાવાન કોણ ?.... દીન થાવું.
લેખાં ના લાખનાં.... એક મારું.

## ભૂલકણો ૩૨

ભૂલી ગયો છું
કયાંથી આવી સ્વનિર્ભરતા (!)
ઈન્દ્રિય બુદ્ધિ અને મનથી ?
કે જે તો હું
સમર્પિત કરી ચૂકયો છું.
તારા ચરણમાં .... નાથ.

## લપોટશંખ ૩૩

વાણીનો વિલાસ છે શો ?
માંગ એક તો ... દઈ દઊં બે
અને માગ ચાર.... તો આઠ,
આઠના.... સોળ'ને સોળના.... બત્રીસ,
પણ કયાં દેવા છે ?
આત્મનિવેદન કીધું .... ? કીધું ....
નિત્ય કરું છું, તુલસી ધરું છું.
વાણીનો આ વિલાસ તો છે !!

## ન માફ .... ૩૪

જી હા ... સારાઈ અને બૂરાઈ,
ખૂબી અને ખામી
બન્નેનું મિશ્રણ કરીને આ દેહમાં ઠાંસી ઠાંસીને ભર્યું છે.
પ્રભુકૃપાથી હું જાણું છું કે બન્નેય મારામાં છે.
ડસતા અને પંપાળતા (સુજ્ઞ) (૧)
પ્રભુ ઈચ્છાથી આ મૂઢને એ જ્ઞાન જ નથી કે
મારામાં શું છે અને શું નથી ?
મને માફ કર પ્રભુ .... તારે આધીન છું. (અજ્ઞ) (૨)
હું જાણવા છતાં કયારેક તારી અવજ્ઞા કરી બેસું છું ,
મારા સદ્ – અસદ્નું ભાન હોવા છતાં
સંસારમાં મારા સદ્નું આભાસી પ્રતિબિંબ
પાડવા મથી રહ્યો છું
પ્રભુ .... સહાય કર (ઢોંગી) (૩)

જી ના ... મારામાં તો અસદ્નું તત્વ છે જ નહિ
કયારેય ન્હોતું ... પ્રભુ ... છે કયાંય ડાઘ ?
દેખાય છે.... ? (દંભી) (૪)
પ્રભુ મલકયા અને ફક્ત એટલું જ બોલ્યા
પ્રિયજનો ...
મને સુજ્ઞ, અજ્ઞ, અને ઢોંગી સ્વીકાર્ય છે
પણ દંભી તો કદી નહિ ....

## સંબંધ ૩૫

તમારું .... અમારું (બ્રહ્મસંબંધ પહેલાં)
અમારું .... તમારું (બ્રહ્મસંબંધ પછી)
આપનું .... તોય આપણું (પ્રિત થાય ત્યારે)

શ્વાસ સાથે બાંધ્યા સંબંધ,
વ્યાપી રહ્યો છે બ્રહ્મ જેમ.
કૃષ્ણનો તો સાનુભવ છે
જેમ પુષ્પનો પમરાટ છે.

## અનુગ્રહ 37

મારા અછૂત શરીરમાં
ભાવનાના ઘોડાપૂરથી તે ધસી આવ્યો.
તેને રોકું તે પહેલાં તો
તે વળગી પડયો.
હવે ? હું તેને લપટાઉં કે અળગો કરું ?
હે વલ્લભ !
બતાવ.

## નિ:સાધન 38

વિરાટ વામનની જેમ તું મારું બધું જ હરિને ચાલ્યો .... (પરબ્રહ્મની લીલા રૂપે)
તું જ કહે હું કઈ રીતે તને સ્મરું ?
કઈ રીતે મારા નેત્રોમાંથી આંસું વહે ?
કઈ રીતે મારી વાણી જલ્પના કરે ?
કઈ રીતે માત્ર તુલસીમાળની ગંધને શ્વાસમાં લે ?
કઈ રીતે માત્ર તારાં જ ગુણગાન શ્રવણ કરે ? (૧)
તું ભલે દુર્વાસા બન્યો .... (મારી દુર્વાસના રૂપે)
પણ મને માત્ર એટલી જ ખબર છે,
મારા શ્રી વલ્લભની કૃપાથી, કે ....
મારા ઘરે સ્વરૂપ સેવા રૂપે પધારીને,
મારી થાળીમાં –
નિઃસહાય દ્રૌપદીની થાળીમાં
એક ભાતનો કણ પડયો છે, (વલ્લભની કૃપા રૂપે)
તું આ વનમાં મારી નિઃસહાયતાને નહિ સહી શકે
અને તું કણમાત્રથી તૃપ્તિનો ઓડકાર ખાશે જ ...

મારું જીવન ફરી હર્યું – ભર્યું થશે જ.
મારાં સ્મરણ, મારાં આંસું, મારી જલ્પના, તુલસીમાળાની ગંધ,
અને તારાં ગુણગાન શ્રવણની ઉત્કટતા ....
મારું ગરીબનું પોટલું .... પાછું આપશે જ.
તું જ વામન, તું જ દુર્વાસા અને તું જ મારો કૃષ્ણ .....

## ગોકુળવાસીનો સંદેશો દ્વારકેશને... ૩૯

નિર્ધન ગલીઓ શ્રીગોકુળની, દયા ન ખાશો
સમતા ભરશો.
કામળ, વાંસળી સાચવી રાખશો રાજમહલમાં,
હૈયે ચાંપશો.
ત્યાંના કોઈ ઘોષમાં જઈને છાસ ય પીશો
સમય ન જોશો.
ઝાંખી ઝાંખી સ્મૃતિ અમારી રંગે ભરશો
સહજ સરળસોં.

## ૪૦

## કૃપાવન

વર્તુળનું
કેન્દ્ર
સાકાર
બ્રહ્મવાદ

## વિપ્રયોગ ૪૧

મહાનદ – આનંદના એક દિર્ઘ પ્રવાહમાં
તરતા રહો ... તરતા રહો
પરિણામ.... અને સંયોગ,
અંત અપેક્ષાઓનો.
આનંદનો પ્રવાહ સમેટાઈને સરોવર થઈ ગયો.
સ્નેહની કસોટી – વિપ્રયોગ
કસોટીનાં પગથીયાં
પ્રેમ
    આસક્તિ
        વ્યસન
અને તરતા રહો.... તરતા રહો ....
વિપ્રયોગ.

## શરણ ૪૨

ધરમ – કરમ ને ધ્યાન ધૂપલાં
    મારે એની ગરજ શું રે ?
મારો ધર્મી વ્રજવલ્લભ છે
    બસ એ જ તો મારો સહારો રે.
બુદ્ધિ, ધૃતિ, પ્રજ્ઞા, ને મતિ વળી
    એ સૌ મોટી વાત્યું રે.
મારી રતિ તો શ્રીમુખ ચરણમાં
    ઔર ગતિ શું જીવની રે !
વામ ચરણથી સુખડાં દીધાં
    દક્ષિણથી દુખડાં દીધાં રે !
કયમ કરી કહુ હું સારું – ખોટું
    બેઉ ચરણ વલ્લભનાં રે
વાંકા – ચૂકા જોડા–અક્ષર
    ભારેખમ ભાષા સમજુ ના રે
સરળ શબ્દ એક શરણ માત્ર છે
    ઔર શબ્દ શું કરવાં રે !

## નટ વર ૪૩

તું ધર્મ સ્વરૂપ ખરો .... તેં કાલીયના દર્પનું દમન કર્યું ...
હશે ... પણ મને તો મારા હૃદય કમળ ઉપર નૃત્ય કરતા 'નટ વર'થી જ નિસ્બત છે.
પ્રભુ, લાલા તું કયારે નૃત્ય કરીશ
તારા ચરણકમળથી, મારા હૃદયકમળ પર ?
અને મારાં ચરણ, તારાં ચરણ સાથે તાલ કયારે મેળવશે ?
કૃપાળુ પ્રભુએ અંતરધ્વનિ સાંભળ્યો અને નજરના ઈશારે સાંત્વના આપી
અને મારા અંગેઅંગમાં રોમાંચ થઈ ઊઠયો.. શાતા થઈ ...
આનંદ પામવાની રાહ જોવાનો આનંદ જનમ્યો ...
વિપ્રયોગરૂપે ....

## સ્વજન ૪૪

સરજન તારું અમરા સારું
બકવાસ ઋષિગણની વાત્યું છે (માફ કરજો !)
બ્રહ્મ હશે કોઈ મોટો બાહુક
મારો તો કૃષ્ણ – કનૈયો છે.
ઘી ખવરાવ્યાં લાખ્ખો વર્ષો
તોય તૃપત ના થૈયો છે
મારા ઘરનું મીઠું માખણ
ખાવા કેવો અધીરો છે ?
લાલન તારા મુખ – કમળમાં
એવું તે શું જાદુ છે ?
સ્વપ્નમાંય છાલ ના છોડે
મારો મનોરથ પૂરક છે.
અશરણ–શરણ હશે તું સૌનો.... !
મારે શરણ તું આવે છે
એ જ તો મારાં મોટા ભાગ્ય છે
કે મમ હૃદયે તું છૂપાયો છે....

# એક દિવ્ય સ્મૃતિ ૪૫

લાખ ઉપાયો, લાખ પ્રયત્નો
બુદ્ધિ કરી કરી થાકી છે.
ભૂંસવા મથું એ આકૃતિને પણ
ફરી ફરી ઉપસી આવે છે.
ઘાંઘાટાના બાગની અંદર
શબ્દ સૂરીલા પિરસ્યાં છે.
તરડાઈ ગયું છે હૈયું મારું
નાદ પ્રવેશ, રસ પીવાને
દરવાજા ખૂલ્લા રાખ્યા છે
જોવા રાહ વ્રજ – પ્રિતમની
નાનકડી બારી ખોલીને
આપ પધાર્યા નયનામાં
તેજ થઈ ગયું,
અંધ થઈ ગયું. જગ,
એક ખૂણે અજવાળાં છે.

# દૈવી જીવ ૪૬

હું જહાજ ઉપરનું પંખી,
હું જહાજ ઉપરનું પંખી.
સઢ સંકેલ્યા, લંગર નાખ્યા
ધરતીથી બંધન બંધાયાં.
દોસ્તી થઈ ગઈ કાચી – પાકી.
કયારેક પાકી, કયારેક કાચી
સ્વારથી ગૂંચોમાં ગોથાતી,
કયારેક બહાર, કયારેક અંદર
લંગર છૂટયા, સઢ ફેલાયા,
જહાજની ઉપર પંખી પાછું
આનંદ સાગરમાં ....
સ્વારથી ગૂંચો ઉકલી ગઈ,
પાંખો લહેરાઈ થોડી ઉપર,
જહાજની ઉપર,
ચારે કોર..નિર્મળ હવા..નિર્મળ જળ

## પૂ. સુમિત્રામાસીને ભાવાંજલિ ૪૭

તમારે જવું હતું પણ તમે જઈ ન શકયા,
મનોરથોની સાંકળ તમે તોડી ન શકયા,
અમારા હૈયામાં પ્રવેશી, સત્સંગ કરાવી રહ્યા.
વિસ્તારી ગયાં, તોય અમોને ઘેરી તમે રહ્યા.
ફ્રેમમાં ન ફાવ્યું તે હસીને હૈયે વસી ગયા.
રોજ રોજ અમારા બીજને દઢ કરતા રહ્યા.
પાણી પીધું અમારું, અને પીયૂષ પાતા રહ્યા.
અને આશીર્વાદ માગી, દીનતા જતાવી રહ્યા.
સુખની વાત નીકળી તો 'તત્સુખ' જપી રહ્યા,
દુઃખની વાત નીકળી તો હસીને ગળી ગયા.
અને પ્રેમની વાત નીકળી તો આંસું વહી રહ્યા.
અને સેવ્યની વાત નીકળી તો રોમ રોમ નાચી રહ્યા.
કસોટી .... તમારી, તમે આકરી .... કરી.
અને અમારી કસોટી બહુ સરળ કરી દીધી.
નિરાશા એક દિ' આવી તો તેને ય સખી કહી
અને ઉત્સાહના અંબરથી, આશા બની ગઈ.

## ઝંખના ૪૮

કાગ રે આવીને બેસ મારે ટોડલે,
હું તો રાહ જોઉં છું મારા શ્યામની
આવું આવું કહેતાં આ વર્ષો વિતી ગયાં,
કાગરે આવીને બેસ મારે ટોડલે.
પોંક [૧] લાવી મૂકયો છે ભટ્ઠો[૨] તૈયાર છે
સેવ [૩] અને લાડુ[૪] આ હમણાં બનાવ્યાં છે.
રોજ ફેંકી દેવું [૫] ને રોજ હું બનાવું [૬]
કાગ રે આવીને બેસ મારે ટોડલે.

૧. પ્રેમ, ૨. તાપ, ૩. સંયોગ, ૪. વિપ્રયોગ, ૫. દુઃસંગ, ૬. સત્સંગ.

સતરજતમ તીન વસન પહનકે
યમુનારસ સ્નાનકો ચલ પડે,
તટ પર વસ્ત્ર છોડકે, નિર્ગુણ
જલરસ મેં હમ જા બૂડે ....
પ્રિયતમજીને કૃપા કરી કે
સ્વયં વસ્ત્ર સબ હર લીને.
સ્વરૂપકો હમ ભાવ ન સમજે
આપને વો સમઝાય દીયો.
હાથ જોડી પ્રણિપાત કરાયો,
સ્વકો સ્વરૂપમેં લપેટ લીયો.
અબ સત રજ તમ કછુ ના પરસે,
નિર્ગુણ, સ્વ–સ્વરૂપ રમણ કરે.

## વ્રજ થી મથુરા ૫૦

રોજ તો તું ધમ ધમ ચાલત હૂતો,
આજ બહોત, તું ધીરો.
રોજ તો તું, જબરાઈ કરત હૂતો,
આજ હૃદયકો ભીનો.
રોજ તેરી બોલી દ્વિ- અર્થી,
આજ સરલ મૃદુ બાની.
રોજ તો તેરે ચંચલ નયના,
આજ ભીને, ભર પીતે.
ગૌચારન તું જાવત જબ જબ,
દો દો છાપકો નીરખત.
આજ ચરણ કી એક હી છાપ,
હૃદે ન સમાયે નીરખત.
ઓઝલ હો ગઈ નૈનસે મૂરત,
વ્રજરજ મેં કયા ટટોલે ?
ચંદ્રિકાને ચરણ પખાર્યો,
નીરખ રહી વ અબોલે.

## વ્રજથી વિદાય 

દષ્ટિ સે તોંકો બહોત પીયો હૈ,
શ્વાસ મેં ભર ભર લીન્યો હૈ,
કાનો મેં ઔર, કોઈ ન ગુંજન,
રસ–સ્વાદ તેરો હી પાયો હૈ.
સ્પર્શ અન્ય સબ ભૂલ ગયે હૈં,
ચંચલ મન, તોં મેં ભટકયો હૈં.
હૃદય રસમેં બર તરબર કીનો ?
ચરણ ચર્ષણી દીની હૈં.
અબ તૂ જાવે ઔર ન જાવે
મોહે ફરક કયા પરનો હૈ ?
અંતર મેં ઔર રોમ રોમમેં
વિપ્રયોગ સુખ દીનો હૈ
સૈયાં તેરી વ્રજકી ગૈયાં
ઔર ન મોહે સમજાનો હૈ.
ખીલા પીલા કર તુષ્ટ કર દીયો
અબ સ્મૃતિ કો મમરાનો હૈ.

## ભકિત 

ભકિત કર્તવ્ય નથી,
આવશ્યકતા છે.
જેમ શ્વાસ – તેમ સેવા.

## તદીય - વ્યસની ૫૩

ઝરણાંને કિનારાઓ કયાં છે ?
અને તેને ઊંડાણનું ભાન પણ કયાં છે ?
ઝરણાંને વિવેક પણ કયાં છે ? તે
ખળ ખળ નિરવ – રવ કરતાં રહે છે.
એને ટેકરાવનો અવરોધેય કયાં છે
કે ખીણમાં ભૂસકવાનો ડર પણ કયાં છે ?
મંદગતિએ ચાલવાની સંસ્કૃતિ ય કયાં છે ?
અને નામ પામવાની ખેવનાય કયાં છે ?
શિતળતા કે નિર્મળતાના અર્થે ય શું છે ?
ક્ષણ ક્ષણમાંથી યુગ થયાનું જ્ઞાને ય શું છે ?
ગોમંડળ કોષમાં સમર્પણ ય શું છે ?
કશાની ખબર નૈ તોય હૃદયસ્થ સૌ છે.

## સ્વરૂપ આસક્તિ ૫૪

હવે તું જ મને સમજાવ કે શા સારું કરીએ છે પ્રેમ તુંને ?
રૂપ તો શ્યામ અષાઢી ઘન, તોય મોહાવે સૌ સ્વજનને.
ગુણની તારી વાત શી કરવી ? કરીયે એટલી ઓછી,
ચોરે કોઈના માખણીયા તો ફોડે કોઈના માટ
મર્કટ સાથે દોસ્તી તારી કે કરે છેડતી કોઈની,
મદમાતી ચાલે અભિમાની, નૈણાંની લાલચ ના છૂપે.
ક્રોધ કરે એવો તો ભયંકર, ભલભલા અસૂરો ધ્રૂજે.
માતા પાસે જૂઠું બોલી, મુખ ખોલી બ્રહ્માંડ દીખાવે.
અનન્યતા તારી એકમાં નહિ, સૌને નાચ નચાવે.
છાસ પીવા આવે તો પછી અમને તું શું દેશે ?
ગૌ ચારીને જીવન ગુજારે, નંદ યશોદા જાયો.
તો પછી તું સમજાવ લાડીલા, કયમ અમ પાગલ હૈયાં ?
જાદુ – ટોણા શીખી લાવ્યો છે ? નિર્ગુણના બજવૈયા !

ના દૃષ્ટિ સંજયની ... ના ચક્ષુ અર્જુનના ...
મને તો બસ મારી નજરની પાછળ રહેલી અંતઃકરણની ચેતનામાં તારાં નયનામાંનું
માત્ર એક જ કિરણ ... કૃપા કરીને આપ;
તારા જનને ..
મારી સક્ષમતાનો લેશમાત્ર વિચાર કર્યા વિના ...
સાગરને અંજલી, વાવાઝોડાને ફૂંક, જંગલને પાંદડું અને
'ગિરિમંડળને મુઠ્ઠીભર ધૂળ – ઢેફાનું શું મૂલ્ય ?
તારી ગરિમા સામે હું તો નિષ્કંચન ...
અને તોય હક્કદાર ... દાવેદાર...
કારણ હું માત્ર તારો જ જાચક.
એક જ ઘરે માત્ર જાચવાવાળો જાચક.... જનમોજનમનો ....
મારે પાંચ –ઘરનો નિયમ કયાં છે ?
પછી તો ...
પ્રભાતના નભમાં તારા મુખકમળની તાજગી હશે,
વર્ષાઋતુના કાળા ઘનમાં તારું નયન અંજન હશે,
દામિનીમાં તારા નેત્રમણિની ચમક હશે,
અને ઝાકળબિંદુમાં તારાં કૃપા અશ્રૂ હશે,
બપોરના દાહક ધૂપમાં તારો વિરહાગ્નિ હશે,
અને ... અને ... અનેની વણઝાર.
દૃષ્ટિની શું મજાલ કે સમસ્ત વિશ્વમાં તારા સિવાય
કંઈ અન્ય પણ હશે ?

## દર્પેશ ૫૬

ટૂકડા કરી નાખ્યા દર્પના .... ઈંદ્રના ...
આપ તો દર્પના પણ દર્પેશ.
ગિરિરાજની કાંગળી પણ ન હઠાવી શકનાર ... લજ્જિત ઈન્દ્ર,
ગિરિરાજની છાયાથી ઢંકાયેલા અને ગોપીજનોથી વીંટળાયેલ શ્રીપ્રભુના દર્શન,
દેવરાજ નતમસ્તકે થયો, તો પણ ન જ કરી શકયો ...
વલોપાત કર્યો પણ શિક્ષાને પામ્યો જ ... કારણ,
તે અપરાધી વ્રજજનોનો હતો ...
પણ પ્રભુ તો કૃપાસાગર ... અને આખરે પીગળ્યા ..
ઘનઘોર અંધકારમાં દામિનીનો પ્રકાશ ઝબૂકી ગયો ...
અને શ્યામ ઘનશ્યામની શ્યામછાયાના
અલ્પ સમય માટે, દર્શન કરીને ધન્ય ધન્ય થયો !
કૃતકૃત્ય થયો !

**તા.ક.** : ભાગવત કથા આ પ્રકારે ન હોવા છતાં વ્રજજનો પ્રતિ પૂર્વાગ્રહના કારણે આ મધુર કલ્પના કરી છે. શાસ્ત્રો માફ કરે !

## વ્રજ-વ્રજાધીપનું ૫૭

આ તો વ્રજ .... સાક્ષાત્ પ્રભુનું નિવાસ સ્થાન.
વ્રજરાજકુંવરની સ્નેહવાનગી (પરવાનગી) વગર
અહીં વૃક્ષનું પાંદડું પણ કેમ ફરકી શકે ?
સત – ચિત્ બધું જ લીલાત્મક .
સૂર્યના પ્રકાશને પણ પ્રવેશ ના ...
પ્રભુના તેજ પુંજથી જ પૂરું વ્રજ ઝળહળી રહ્યું !
અને વાયુને પણ નિષેધ છે,
પ્રભુના શ્વાસોચ્છવાસનો વાયુ જ બધાં જ ચેતન જીવોને જીવાડે છે.
અહીં તો સર્વ પ્રભુ પ્રસાદ,
લહેરાતો શ્વાસ વ્રજના ખૂણે ખૂણે રહેલ તલસાટી જડ–ચેતનને સ્પર્શથી તોષી રહ્યો !
ના.... અગ્નિને પણ પ્રવેશ ના.

પ્રભુનું મુખ જ અગ્નિ સ્વરૂપ....
સૌ ગોપીજનોના ભોજનને પકવનાર યજ્ઞનારાયણ પણ આપ.
અને સૌનો જઠરાગ્નિ જગાવનાર પણ આપ !
સૌને પલકાંતરના વિપ્રયોગનું, દાન કરનાર તાપાગ્નિ પણ આપ ....!!
ના... અન્ય જળને પણ સ્થાન નથી.
યમુનાજી નિજ્જનસમાવ્રજનેવીંટળાઈનેવહીરહ્યાછે, કેટલોસુલભસૌનેલાભ...?
પ્રભુના અંગસ્પર્શથી મકરંદીત થયેલ જળ, તરૂલતા – પશુ – પક્ષી સમેત સૌ વ્રજજનના અંગોને પોષી રહ્યા !
અને મેઘ ...
તેને તો ઈન્દ્રદમનના દિવસથી જ જાકારો મળ્યો હતો. આજે પણ તલસી રહ્યો છે.
યમુનાજીના શ્રમજળ બાષ્પના ઘન બને,
પ્રભુના ઘનશ્યામ વિગ્રહના પ્રતિબિંબ નભમાં પડતાં ...
તાપાગ્નિ સમાવતું, પ્રભુ સ્પર્શીલ જળ પૂરા વ્રજને શાતા દેતું...!
વનનાં દૂર દૂરનાં તૃણને તાપ થયો કે પ્રભુ અમારી સમક્ષ કયારે નિરખશે ?
અમને કયારે સ્પર્શસે ?
અને અમે તો પ્રભુને સુખ દેવાથી વંચીત જ રહ્યાં છીએ ?
આમ... ઉદ્વેગ પામતાં હતાં.
કૃપાળુ યમુનાજીએ કૃપા કરી... મેઘરૂપે વરસ્યાં ... તૃણાંકુટ ફૂટી નીકળ્યાં ...
શ્રમજળથી તોષીત...પોષીત...
ગૌઆના ઉદરમાં સમાયાં, દધિમાં રૂપાંતરીત પામ્યાં...
પ્રભુના શ્રીમુખના અધરનો સ્પર્શ પામી, પ્રભુના અંગે અંગમાં સમાઈ ગયાં !
અને પ્રભુએ તુષ્ટ થઈ ઓડકાર ખાધો ...
અને એ ધ્વનિ તૃણાંકુરોને રોમાંચિત કરી રહ્યો !
પક્ષીઓ પોતાનાં બાળ પક્ષીઓને, પ્રભુને પ્રિય ગાન ગાતાં શીખવી રહ્યાં !
વ્રજમાં પ્રભુ ... પ્રભુમાં વ્રજ....
સૌ, ભગવદ્ રસ સાથે વિલસી રહ્યાં.
આનંદ ... આનંદ અને માત્ર આનંદ ..

ખોળામાં પોઢીને સુખ આપી રહ્યા દમલાજીને આપ ... નિંદર કયાં ?
આ તો અંતઃરમણ પ્રિયા – પ્રિતમનું.
આપ તો એટલા સહજ ઓતપ્રોત સ્વામીમાં
કે સ્વામીના શ્વાસધ્વનીને પણ પહેચાને ...
પ્રભુની કલ્પનામાત્રને અનુભવે ....
પ્રભુનું પધારવું આપને અભિપ્રેત ન હોય ?
આપની ઈચ્છા અભિપ્રેત ન હોય ?
નિંદરભંગ ... ?
આપ સમસ્ત ભૂતલ નિવાસ દરમ્યાન પોઢયા જ કયાં છો ?
આપને તો સતત પ્રભુના નૂપુરનો રણકાર સંભળાય જ છે.
પ્રભુ તો સ્વઈચ્છાથી અંતઃરમણમાંથી બહાર પધારી રહ્યા હતા.
પણ પરમ સેવક તો સ્વામીનું સુખ જ ઈચ્છે ને ?
બહાર આવતાં રોકે જ ને ?
આપ તો સ્વયં વિપ્રયોગનું સ્વરૂપ.
છતાંય મહાપ્રભુજીએ દમલાજીને ટોકયા. આખરે સ્વામી તોસ્વામી છે ...
ઈચ્છે તો અંતઃરમણ કે ઈચ્છે તો બહિરમણ ....
અને પ્રભુ પણ પ્રભુ....
પ્રભુ તો સ્વામિનીજી અને તેના સેવકજીવનું વિચારનાર...
સેવકનો સેવકધર્મ સાચો કહેનાર
વિપ્રયોગની કક્ષાને વેંત એક ઊંચી સ્થાપનાર...

મને તક્ષક નાગે ડંખ દીધો છે.
મને ખબર હોત કે આજથી સાતમા દિવસે મને તક્ષક નાગ (બહિર્મુખતા) ડસવાનો (ની) છે તો
મેં કોઈ મહાવૈરાગી – જ્ઞાનીભકત પાસે મોક્ષમાર્ગની યાચના કરી હોત.
પણ હવે શું થાય ? જ્ઞાન, વૈરાગ્ય, ભકિતમાં ચિત્ત એકાગ્ર કરવા
મહારાજ પરીક્ષીતને ય સાત દિવસ લાગ્યા અને તે બ્રહ્મલીન થયા.
તો મારી તો શી ગતિ ?
પણ હે પ્રભુ તું કેટલો કૃપાળુ છો ?
મારી દીનતા જાણી તું મને મહાપ્રભુજી પાસે દોરી ગયો.
હજુ ઝેરની કારમી અસર શરૂ થઈ ન્હોતી અને તેં મહાપ્રભુજી થકી
મારો તારી સાથે સંબંધ કરાવ્યો.
તું જ મને દોરી ગયો અને તેં જ પાછો મને ગ્રહ્યો ?
વાહ તારી આ લીલા મને ન સમજાણી.... !
અને પ્રભુ... જેનું મૃત્યુ સમક્ષ છે તેને બીજું શું સૂઝે ?
મારો અટલ વિશ્વાસ શ્રીઆચાર્યજીના ચરણમાં તેં સ્થાપિત કરાવી દીધો અને....
શ્રીમહાપ્રભુજીની વિરાટ આભામાં ... તેમની રજ મારા સર્વસ્વમાં સમાઈ ગઈ.
સમરસ થઈ ગઈ....
પછી તો ... મને બહારના જગતનું કંઈ જ ભાન ન રહ્યું.
આ ઝેરનું ઘેન છે કે આનંદની મસ્તી તે સમજવા માટે પણ
મારેઆપને યાચના કરવી પડી.
અને આપ કૃપાળુએ મારા મસ્તક –હૃદય ઉપર ચરણસ્પર્શ કરીને ભાન કરાવ્યું કે
હું પ્રભુની મસ્તીમાં મસ્ત જે પ્રદેશ છે ત્યાં વિહરી રહ્યો છું.
પારસમણિના સ્પર્શે અનંત આનંદમય જીવન બક્ષી દીધું.
અભાગીનું વરણ કરી મહાભાગ્યવાન કરી દીધો.
પુષ્ટિ વરસાવી દીધી દીનાનાથે ....

શ્રીમહાપ્રભુજીની કૃપાથી મંત્રદાન મળ્યું
"હું તારો છું"
મેં પ્રભુ સન્મુખ જઈ નત મસ્તકે કહ્યું,
"પ્રભુ ... હું તારો છું"
અને ... પ્રભુ મંદ મંદ મુસકાયા.
ગુરૂદેવે કહ્યં ....
"સેવા–સ્મરણ ... એ જ ધર્મ ... એ જ સાધન ...
પછીની પ્રક્રિયા તારી નથી."
વર્ષો સુધી .... સવાર અને સાંજ ....
કહેતો જ રહ્યો,
" પ્રભુ ... હું તારો છું "
અને એમ'ને એમ
"હું તારો છું" કહેવાના શબ્દો
લુપ્ત થઈ ગયા.
સમાઈ ગયાં હરક્ષણની, શ્રીસુખવૃત્તિમાં
હૃદય – અંતરના ઊંડાણમાં
ત્યારે એક સાંજે .... અચાનક
મંદ મુસ્કાન સહ ... મુખ ખોલી ... વદ્યા પ્રભુ ....
" તું મારો છે. "
મારા રોમ રોમ પુલકિત થઈ ઊઠયા,
મારાં ભાગ્ય ખૂલ્યાનું ભાન થઈ ગયું મને.
મારાં સાધનો સિદ્ધ થઈ ગયાં
અને ... ગુરુદેવનાં ચરણોમાં અર્પિત થઈ ગયાં...

હે પ્રભુ ! તેં મને માંગવાનું કીધું .... તું જાણે છે, હું કયાં માંગું છું ?
હું તો દોષથી ભરેલો અજ્ઞાની જીવ ....
**માંગતા ય નથી આવડતું** માટે તો બધું તારા પર છોડું છું.
અને તેં મને જુગારી બનાવ્યો. કયારેક હારું ... કયારેક જીતું.
કયારેક ઉદ્વેગ તો કયારેક હર્ષ.
પણ પછી તો તેં મને અઠંગ જુગારી બનાવ્યો.
પછી તો બસ એવો **વિવેક જન્માવ્યો** કે હારું તોય અને જીતું તોય **તારી જ ઈચ્છા**... !
બીજું કઈ જ્ઞાન તો જાણ્યું નહિ અને દુનિયાદારી શિખ્યો નહિ.
જેથી તેં મને નિર્બળ બનાવ્યો અને ત્યારે જે જે સામર્થ્ય દેખું
તે બધામાં તારું જ સામર્થ્ય દેખું. હું સામર્થ્યહીન બન્યો
અને એક સાંજે તેં મને **દીન–હીન** કહીને ચીડવ્યો અને
હું નાચી ઊઠયો.
દીન – હીન એવો હું કોનો સંગ કરું ?
આખરે તેં મને નશાની લતે પણ લગાવ્યો. તારા સ્વરૂપના નશામાં હું ચૂર રહેતો.
મારો દેહ, મારું ધન સર્વોચ્ચ નશા પાછળ ખતમ થઈ ગયું. કંઈ જ ન બચ્યું
ત્યારે એક દિવસ હું ચકચૂર હતો ત્યાં તારો અવાજ સંભળાયો ...
''વાહ દીકરો હવે **વ્યસની** સાચો.''
ત્યારે મારા મનનો મોરલો તારી સંગે નાચી ઊઠયો. !!
તું પણ ખરો ... હું જયારે જુગારી હતો ત્યારે લોભી ન્હોતો.
હવે તેં મને લોભી પણ બનાવ્યો.
તેં મને જેટલાં સમણાં દેખાડયાં તે બધાં મેં મારી માનસીમાં સંતાડી રાખ્યા
અને એકલો અંધારામાં તેને જોઈને મસ્તીમાં ઝૂમ્યા કરતો.
તેં મને ડરપોક પણ બનાવ્યો
કે જયારે કોઈ આવી ચડે
તો હું મારા સમણાના સંભારણાં અંતરના ઊંડાણમાં સંતાડી દેતો.
આમને આમ તેં તો મને સહુથી વિમુખ એકાકી બનાવી દીધો અને
હું **બહિર્મુખતા** નામના કોઈક અજાણ્યા ડાકુથી ડરવા લાગ્યો

અને આમ તેં તો મને કોઈક અજાણ્યા માનસી રોગનો ભોગ બનાવી દીધો !
કોઈને કહેશો નહિ....
બહારથી હું ગમે તેવો વહેવારુ દેખાતો હોઊં
પણ મારા મનમાંથી કામુકતા ગઈ નથી.
તે નટવરના નવલાં રૂપના અંગસંગમાં મારું મન હંમેશા તડપતું રહે છે.
તેં મને દર્પ  પણ એવો ભેટ દીધો કે હું જે મળે તે સૌને કહેતો ફરું છું કે ......
મારો લાલ જ આ વિશ્વનો નિયંતા છે... સર્વોપરી છે
અને લોકો મને પાગલ જાણીને હસે છે.
કોણ જાણે કેમ.... તેં મને આટલા બધા દોષોની ભેટ,
મારી દરેક વરસગાંઠે સ્નેહપર્વક આપ્યા કરી
પણ તારી કૃપાથી મેં ધીરજ ગુમાવી નથી, કે હવે મારું શું થશે ?
કારણ ... મને યાદ છે કે તે દિવસે તેં મારો હાથ પકડીને કહ્યું હતું કે
“ હું તારો છું, મારો વિશ્વાસ  કરજે.”
અને તે તારા શબ્દો મારા માટે જયોતિર્લિંગ બની ગયા છે !!

હું એક ફૂગ્ગો ફૂલાવુ છું ...
મારા સામર્થ્યને ભરું છું અહંકારની ફૂંકથી ...
અને હું પાતળો પાતળો થતો જાઉં છું.
તેને કહ્યું, " બસ... ફૂટી જશે .... " પણ માન્યો નહિ
અને ....
સામર્થ્યનો વિકાસ એક ધડાકા સાથે છિન્ન–ભિન્ન થઈ ગયો .....

હું બીજો ફૂગ્ગો ફૂલાવુ છું....
મારો રોષ સર્વ પરત્વેનો, ફૂગ્ગામાં ભરુ છું.
તેને કહ્યું " ઠીક છે .... તું પણ અસામાન્ય તો નથી જ.
ભર રોષ ફૂગ્ગામાં .... જેથી તારા અંતરનો રોષ ખાલી થાય.
પણ જો જે .... ફૂગ્ગાને ગાંઠ ન વાળતો
કે જેથી કરીને રોષ તેમાં કેદ થઈ જાય.
ઉદ્વેગ ચિંતાનું રૂપ ન લઈ લે .....
રોષથી બુદ્ધિનાશ ન થઈ જાય..."

હું ત્રીજો ફૂગ્ગો ફૂલાવું છું
હું ફૂગ્ગામાં પ્રેમને ભરુ છું.
મારા પ્રત્યેક શ્વાસથી સમર્પણને ભરુ છું.
તેને કહ્યું – "પ્રેમ છે તો છે અંદર,
બહાર કાં પ્રગટ કરે ?"
મેં કહ્યું – "મારા પ્રભુને અનુભવ કઈ રીતે થાય ?"
હવે તેને મારા (ફૂગ્ગાના) સ્પર્શથી વિશેષ આનંદ આવશે.
આનંદના (તેના કે મારા !) અતિરેકમાં ભલે ને હું નામશેષ થઈ જાઉં !
તેની ખુશી .... મારી ખુશી ....

## ત્યાં અને અહીં ૬૩

ત્યાં વેદ ઈશ્વરની વાણી છે અને ઈશ્વરના સ્વમુખારવિંદમાંથી પ્રગટેલ છે.
અહીં શ્રીમહાપ્રભુજી પણ પ્રભુના મુખારવિંદ સ્વરૂપ છે,
આપની વાણી સચ્ચિદાનંદની વાણી છે.
ત્યાં વેદ ઈશ્વરની અવ્યક્ત સ્વરૂપે સ્તુતિ કરે છે.
અહીં શ્રીમહાપ્રભુજીએ ઈશ્વરના વ્યક્ત સ્વરૂપે દર્શન કરાવ્યા,
જેથી અબુધ જીવ ઉપર પણ કૃપા થઈ અને પ્રભુનો અનુભવ કરવાની
સરળતા થઈ !
ત્યાં વેદ પણ પ્રભુને પાર ન પામી શકયા ત્યારે 'નેતી–નેતી' કહેવા લાગ્યા,
અહીં અષ્ટ સખાઓએ પ્રભુ ગુણ ગાતાં ગાતાં 'પાર ન પામે' શબ્દ વાપર્યો.
ત્યાં વેદરૂચા સાક્ષાત્ પ્રભુની વાણી છે અને પ્રભુએ જ પ્રભુના ગુણ ગાયાં છે.
અહીં અષ્ટસખાની વાણી પ્રભુના સાક્ષાત્ અનુભવની વાણી છે.
ત્યાં વેદવાણી નિરસ, કઠીન છે,
અહીં પ્રભુકીર્તન સરસ, સરળ છે.
ત્યાં વેદવાણી અગમ્ય છે, શુષ્ક છે.
અહીં પ્રભુકીર્તન ભાવિકો માટે ગમ્ય છે, આનંદદાતા છે !

## ટેસ્ટીંગ રીપોર્ટ ૬૪

મને કસોટીએ ચડાવ પ્રભુ, એમ જ ના સ્વીકાર
થઈ તારી કૃપા 'ને હું ગદ્ ગદ્ ન થાઉં !
મારામાં અન્યાશ્રયનાં લેમીનેશન તો નથી ને ?
અલ્ટ્રાસોનીક નયનાં મુજ સમસ્ત પર સરકાવ
તારો ને મારો વેલ્ડીંગથી અતૂટ સંબંધ તો થયો
પણ તેમાંય કેટલી કુરૂપતા છે મારી
અહંતાની પોકળતા અને મમતાનો સ્લેગ
અસમર્પિતનું અન્ડટકટ, સ્નેહવિહિત સેવાની ક્રેક
આ બધું જ તારા એકસ–રે થી છૂપું કયમ રહે ?

મારી કઠીણતા અને સ્થૂળતાને પ્રેમથી પકવી કયાં હતી ?
પડી ક્રેક લાંબી, લીધાં તે અબોલા
શું કરો તું અને ગુરૂદેવ ? હું તો સ્વભાવથી જ દુષ્ટ
મને મારું જ્ઞાન કરાવ, મને ખેંચ અને તોડ.
ખેંચતાં ખેંચતાં મારા ઈલોન્ગેશનના બીજને માપ
મારી કઠીનતાના બ્રીનેલ અને ઠંડાપણાના વિચિત્ર સંજોગોમાં પણ
ટકી શકવા જેટલી શક્તિને પણ તું માપ.
મારા અંતરના ઊંડાણમાં જઈ માઈક્રો દઢતા અને
ખૂણે ખાંચરે શૂક્ષ્મ પેરેલાઈટને કચકડે મઢાવ.
મને એસીડે ઊકાળ અને અતૂટ રેસા ઉપસે
તો જ તું સ્વીકાર.
વિચ્છેદીને મારી સર્વગુણ કેમેસ્ટ્રી,
મને મારા જ દર્શન કરાવ.
મને ફેઈલ કર, રીજેકટ કર જનમો જનમ
કે હું દીન બનું અને તારા નિત્ય સ્પર્શનો ભાગ્યશાળી બનું....
મને ત્યારે જ સ્વીકાર, પ્રભુ ત્યારે જ સ્વીકાર....
કે જયારે તને, મને માંજવાનું અસુખ થાય !
આ તો બધો મારો અહંકાર ... મારા અજ્ઞાન તિમિરનો ....
ગુરુદેવની મારા પરની કૃપાને અવગણી ના શકયો તુ....
તારી કૃપા ચીનગારી, મારા વર્ષોજુના અંધકારને
ક્ષણમાં જ નાશ કરી શકે .... !! તેવી છે ...!
આ તારો રીપોર્ટ છે !!

આપણે શ્રીઠાકોરજીને જે સામગ્રી, ભોગરૂપે ધરીયે છીએ તેમાં જે આપણો ભાવ હોય તે ભાવને જ ઠાકોરજી આરોગે છે, સામગ્રીને નહીં, માટે જ સામગ્રી ખૂટતી નથી.

ભાવને કોઈ પણ આધાર જોઈએ છે. માટે જ ભાવ સામગ્રીમાં કીર્તનમાં, મનોરથોમાં કે સુગંધી દ્રવ્યમાં વગેરેમાં આધારરૂપે આપણે ધરીએ છીએ. અને જો તે વસ્તુ ભાવ રહિત હોય તો ઠાકોરજી તેમાંથી કંઈ જ સ્વીકારતા નથી. માટે ભાવને એક આધારની જરૂર છે જ.

જેમ સુગંધને ફૂલનો આધાર જોઈએ તેમ સ્વાદને સામગ્રીનો આધાર જોઈએ, તથા જેમ દશ્યને કોઈ પણ પટલનો આધાર જોઈએ. ભાવ સ્વતંત્ર રીતે સામાન્ય સંજોગોમાં રહી શકતો નથી, જેવી રીતે દવાની ગોળીમાં તેના તત્વને બેઝ સાથે ભેળવીને બનાવાય છે, જેવી રીતે હોમીયોપેથ ગોળીમાં શુક્ષ્મઅર્કને ભેળવવામાં આવે છે....

હવે પ્રભુ આપણો ભાવ ભોગવ્યા પછી પોતાનો ભાવ ભોગવાવવા માટે આપણા ભાવને અનુરૂપ સ્વ–ભાવ તે સામગ્રીમાં શૂક્ષ્મરૂપે મૂકે છે. જેને પ્રસાદ રૂપે આરોગવાથી આપણી વૃત્તિ, રુચિ અને ભાવનામાં તદ્–અનુરૂપ પ્રીતિમાં વધારો થાય છે. માટે જ પ્રીતિના વધારા માટે પ્રભુને સમર્પીને જ સર્વ વસ્તુ લેવી અને જે વસ્તુ સમર્પીએ તે ભાવ સહિત સમર્પવી.

બીજા દેવનો પ્રસાદ લેવામાં આવે તો તે તે દેવનો ભાવ તે વસ્તુમાં – પ્રસાદમાં હોવાથી આપણી વૃત્તિનો તે પ્રમાણે વિક્ષેપ થાય છે અને આપણા ઠાકુર તરફની પ્રીતિમાં તે વિક્ષેપરૂપ બને છે, જે આપણા અંતિમ ધ્યેય રૂપ આપણા ઠાકુર પૂર્ણ પુરૂષોત્તમની પ્રાપ્તિમાં બાધકરૂપ થાય છે.

વળી તે સામગ્રી કોના અને કયા ભાવથી જે તે દેવને ધરી હોય તે કોણ જાણે ? અને તે તે દેવ તેને અનુરૂપ જ તે પ્રસાદમાં તેનો પ્રતિસાદ પાડે ! એટલા માટે જ આપણે ફક્ત આપણા ઠાકોરજીનો પ્રસાદ આપણે ધરેલો જ લેવો જોઈએ. કારણ તે આપણા ભાવના પ્રતિસાદ રૂપ પ્રસાદ હશે. જે આપણા ઠાકુરમાં પ્રીતિ વધારશે. બીજાની ભાવના રૂપ ધરેલ સામગ્રીથી મળતો પ્રસાદ તે વૈષ્ણવના ભાવરૂપ હશે જેથી તે દિવ્ય હોવા છતાં આપણા ભાવની વૃદ્ધિમાં તેટલો યોગરૂપ થઈ શકતો નથી.

બજારુ વસ્તુ ઠાકોરજીને ધરેલ નહિ હોવાથી તે ભાવશૂન્ય હોય છે. કોઈ રોગ ન હોય ત્યારે ગમે તે દવા ખાવા કરતાં લાયક ગોળીના અભાવમાં સામાન્ય ભોજન હાનીકારક નથી પણ સામાન્ય ભોજન કરતાં આપણને અનુકૂળ નહિ તેવી ***unprescribed*** ગમે તે દવાની ગોળી 'દવા છે માટે સારી' તેમ કહીને લેવામાં આવે તો તે ફાયદો કરવાના કરતાં આપણને તો નુકશાન જ કરે છે. તેવું જ અન્ય દેવના પ્રસાદનું છે.

માટે પોતાના પ્રભુને, પોતાના પૂર્ણ ભાવથી, પોતાના ધનથી, પોતાના તનથી તૈયાર કરેલ સામગ્રી ધરવામાં આવે તો જ માનસી સિદ્ધિમાં તે સહાયરૂપ થશે !! તેમ શ્રીઆચાર્યજી પોતાના સિદ્ધાંત મુકતાવલિ ગ્રંથમાં આજ્ઞા કરે છે અને અસમર્પિત ત્યાગની આજ્ઞા સિદ્ધાંત રહસ્ય ગ્રંથમાં કરે છે. આ માર્ગ ઉપર ચાલનારે શ્રીઆચાર્યજીની આજ્ઞામાં ચાલવું સહજ કર્તવ્ય છે.

## પાન-બીડીની ભાવના ૬૭

પાન એ હૃદયના આકારનું છે જેથી હૃદયમાં ભાવ દઢ થાય તે જોવું જોઈએ. કારણ ભાવ વાણીમાં હોય તો છલકાઈ જાય, ભાવ બુદ્ધિમાં હોય તો દુઃસંગથી અભડાઈ જાય, પણ ભાવ હૃદયારૂઢ હોય તો સ્થિર અને ગોપ્ય રહે !

શ્રીમહાપ્રભુજી એકવાર દામોદરદાસ સંભલવાલા પર ખીજયા હતા કે પાન પાકા સમર્પીએ, કાચા નહિ. પ્રભુને પાકા પાન જ સુહાય. સામાન્ય રીતે શ્રીમહાપ્રભુજી ખીજયા હોય તેવા પ્રસંગ બહુ જ જૂજ જાણવા મળે છે. આપશ્રી ત્યારે જ ખીજાય કે જયારે કંઈક સિદ્ધાંત વિરુદ્ધનું બનતું હોય ! શ્રીઠાકોરજી મહાપ્રભુજીથી વચનબદ્ધ હતા કે, જે જીવને સમર્પિત કરાવશે તેનો પ્રભુ અંગીકાર કરશે. હવે કાચો જીવ એટલે કે દઢ ભાવના વગરનો જીવ પ્રભુની સન્મુખ થાય તો પ્રભુ તો સ્વીકારેજ પણ તેમને તે સુહાય નહિ, માટે આપે પાકા પાન (પાકા જીવ) માટેનો આગ્રહ કર્યો હશે !!

હવે પાન (જીવ) પ્રભુને લાયક કેવી રીતે બને ? તો તેની ઉપર જે નસો (રેસા) છે તે દોષ રૂપ છે. જેથી તેને દૂર કરવી રહી. વચ્ચેની જે મોટી નસ છે તે અન્યાશ્રય છે. તેની આજુબાજુની જે બે નસ છે તે અહંતા–મમતા છે. તેની આજુબાજુની બે નસ છે તે ગુરૂ અને વૈષ્ણવ પ્રત્યેનો અભાવ છે. પછીની બે પાતળી નસ છે તે અવિવેક અને અધૈર્ય છે. હવે ઉપરનું જે ટોપકું છે તે દૂર કરવાથી દીનતા આવે છે અને નીચેની જે ધાર છે તે દૂર કરવાથી અસમર્પિત ત્યાગ આવે છે. આમ આટલા સિદ્ધાંતો પચાવવામાં આવે તો જીવ

શુદ્ધ થાય. પ્રભુને લાયક થાય.

હવે તેની બીડી જે બનાવવામાં આવે છે તે, વૃત્તિઓને લૌકિકમાંથી સમેટી લઈને પ્રભુમાં વાળી લેવાનું સૂચવે છે. તેમાં જે ચૂરી ભરવામાં આવે છે તે પ્રભુ પ્રત્યેનો નિષ્કામ સ્નેહ છે, તેમ છેલ્લે બીડીનું મુખ બંધ કરી લવિંગ દબાવવામાં આવે છે તે તાપ કલેશ રૂપ લવિંગથી હૃદયને વીંધવું ! આમ કરવાથી પ્રભુને લાયક થયેલા જીવને શ્રીમહાપ્રભુજી પ્રભુના મુખારવિંદમાં એટલે કે પ્રભુના મુખારવિંદ શ્રીમહાપ્રભુજીના ચરણોમાં સ્થાન આપે છે.

આમ શ્રીમહાપ્રભુજીના સાચા અર્થમાં જીવ શરણાર્થી થાય છે.

## ફૂલોની ભાવના ૬૮

નિત્યલીલામાં શ્રીમહાપ્રભુજી, સ્વામિનીજી સ્વરૂપે તો પ્રભુના હૃદયમાં સદા પરોક્ષ રીતે બીરાજમાન છે, પણ પ્રત્યક્ષરૂપે શૃંગારમાળા સ્વરૂપે પ્રભુના હૃદય ઉપર તથા કંઠાભરણ રીતે પ્રભુને ભેટી રહ્યા છે.

પરંતુ આપે જીવો ઉપર કૃપા કરવા ફૂલ સ્વરૂપે પ્રભુની સન્મુખ જીવોને પહોંચાડયા. શ્રીમહાપ્રભુજી આચાર્ય સ્વરૂપે સફેદ સૂત્રસા છે, તેમના આશ્રયે જ સર્વ પુષ્પો ટકી રહ્યા છે. દોરો અપ્રત્યક્ષ રહે તેમ આપે અપ્રત્યક્ષ સ્વરૂપે રહીને ૮૪–૨૫૨ ને પ્રભુ સ્વરૂપાનંદનો લાભ આપ્યો. ફૂલમાળાના શિરોમણી દમલાજી કેન્દ્રમાં બિરાજે છે અને આજુબાજુ થાગરૂપે નિર્ગુણ અને બીજા સાત્વિક, તામસ, રાજસ વૈષ્ણવો બિરાજે છે. વચ્ચે વચ્ચે મણકા સ્વરૂપે શ્રીઆચાર્યજીને પરમવ્હાલા વૈષ્ણવો પણ બિરાજે છે, જે સૌને આપની કૃપાથી પ્રભુના કંઠને આલિંગન કરવાનો સ્વરૂપાનંદ પ્રાપ્ત થયો !

પ્રભુએ સૌ જીવોની ભાવના – સુવાસને તો પોતાનામાં સમાવી લીધી પણ શ્રીઆચાર્યજીની મર્યાદાને લીધે જયારે આપ નિકુંજમાં પધાર્યા (ભોગ ધરતી વખતે માળાજી વડા કરવામાં આવે છે) ત્યારે જીવોને થોડા સમય અળગા કર્યા અને વિરહાનંદનું દાન કર્યું.

આ પ્રકારે શ્રીમહાપ્રભુજી સ્વામિનીજી રૂપે તો પ્રભુના હૃદયમાં બિરાજમાન હોવા છતાં, આચાર્યરૂપે મર્યાદા સ્વીકારી સૌ જીવોની સાથે આપ પણ વિરહાનંદ માણવા લાગ્યા, જ્યારે પરોક્ષરૂપે તો પ્રભુના હૃદયમાં બિરાજીને આપને સતત આનંદ આપતા રહ્યા છે.

પરંત ૮૪–૨૫૨ સિવાયના અન્ય જીવો ઉપર પણ ફરી શ્રીગુસાંઈજી મહારાજે કૃપા કરી. સાંઝીની ભાવના કરીને સૌ પુષ્પોને (જીવોને) પ્રભુની લીલાના દર્શનનો લાભ આપ્યો.

આમ શ્રીગુસાંઈજીએ પુષ્ટિદૈવી જીવસૃષ્ટિને પ્રભુલીલાનો લાભ અપાવ્યો. ચંદ્રાવલીજીએ વનમાંથી શ્રીસ્વામિનીજી અને શ્રીઠાકોરજી માટે પુષ્પો એકઠાં કરી વનમાં સાંઝી રચી અને શ્રીઠાકોરજી – સ્વામિનીજીના આનંદ નિધિનો લાભ, યુગલ સ્વરૂપ દર્શન અને સ્વરૂપ લીલાના દર્શનનો લાભ જીવોને અપાવ્યો !

## કૃપા (હોડી, હલેસાં અને આદેશ) ૬૯

પ્રભુની પ્રમેય લીલા સૃષ્ટિના જડ ચેતન પદાર્થો ઉપર તેમની વિ. કૃપા / અનાયાસ કૃપા હોય તે તો સ્વાભાવિક છે. કારણ તે અંગીકૃત છે. પ્રભુ સૌ ઉપર કૃપા કરે છે, કારણ કે કૃપાનિધિ છે પણ અંગીકૃત ઉપર અનાયાસ કૃપા કરે છે, અકારણ કૃપા કરે છે. જેમ મા પોતાના બાળકને અનાયાસ વ્હાલ કરે છે અને બીજાના બાળકને સકારણ વ્હાલ કરે છે, આમ જ અંગીકૃત અને અન્ય જીવ વચ્ચેનો ભેદ જાણવો.

પૂરી લીલાસૃષ્ટિ જે વ્રજમંડળમાં ઉતરી તેમાં વેલ, પુષ્પો , ફળ, ગોપ, ગોપી, પ્રાણી, જીવ જંતુ સૌ કોઈ હતા. તે સૌને કયારેક ને કયારેક તો પ્રભુ ક્રીડાના દર્શનનો લાભ મળ્યો હતો અને માટે જ તે દિવ્ય જીવ થયા અને પ્રભુના અંગીકૃત હતા માટે જ તેમને તે લાભ મળ્યો.

આવા જીવો પોતે સ્વભાવગત દુષ્ટ હોવા છતાં શ્રીમહાપ્રભુજીની કૃપાથી હજારો વર્ષ પછી પણ 'સેવા' ની કૃપા દ્વારા ફરી પ્રભુની લીલાના દર્શનના ભાગ્યશાળી બન્યા તેના ફળ સ્વરૂપે તેમને પ્રભુની લીલાનું અવગાહન, દર્શન ફળ મળે, તે જ દિવ્યાનંદ.

સંપૂણ રસરૂપ પ્રભુમાં રસમય થઈ જવાય, પ્રભુકૃપા અને મહાપ્રભુ કૃપા કરે તો...

પ્રભુ તો કૃપાનાનિધિ છે. જેથી સૃષ્ટિના સર્વ જીવો ઉપર કૃપા વરસાવ્યા જ કરે છે. પરંતુ તેમાં એક નાનીસી શરત છે કે તમારે તેમની કૃપા મેળવવા માટે ખોળો પાથરવો પડે. તમારો ખોળો જેટલો મોટો તેટલી વધુ કૃપા મળે. તેમની કૃપા એટલે તેમના સ્વાનુભવનો અનુભવ મળે. પ્રભુપણાનો ઈશ્વરપણાનો સતત અનુભવ થયા કરે.

જો કે કૃપા ભગવદાધીન હોવા છતાં કૃપા મેળવવા માટેના પણ ત્રણ પગથિયાં ભગવદીયો બતાવે છે. ૧. જ્ઞાન, ૨. ઈચ્છા, ૩. જીવનો પ્રયાસ

પ્રભુ વિશે માહાત્મ્યજ્ઞાન હોવું જરૂરી છે. જો પ્રભુ વિશે જાણતા જ નથી તો તેની કૃપા મેળવવા વિષે પણ જાણતા નથી. અને પ્રભુને જાણ્યા પછી તેમની કૃપા મેળવવાની ઈચ્છા થવી જોઈએ. ઈચ્છા જ ન કરીયે તો કયાંથી મળે અને ફક્ત ઈચ્છા પણ નહિ ચાલે, તે માટે પ્રયત્ન પણ કરવો પડે. સાચા દિલનો, આપણો સંપૂર્ણ પ્રયત્ન . ભલે પછી આપણી શક્તિ એક ડગલાની હોય તો પણ ! પ્રભુ એ પ્રયત્ન જોયા પછી રહી શકવાના નથી, પછી તો આપ પુષ્ટિ પ્રભુ બની જાય છે અને જીવને મળવા અધીરા બની જાય છે અને આ છે આપણા પુષ્ટિપ્રભુ – કૃપાસાગર.

આ જે કૃપા થઈ તે તો પ્રભુનો અનુભવ થયો પણ આપનો સાક્ષાત્કાર કેમ કરીને થાય ? બધાંને ખબર છે કે સાક્ષાત્કાર પામવા તો તેના ભક્તિ ઉપવનમાં જવું પડે. ત્યાં તે સતત વિહાર કરી રહ્યા છે. પણ આપણે જયારે પૂર્વમાં જઈએ ત્યારે તે દક્ષિણમાં હોઈ શકે. કયારેક નસીબજોગે ભેટો થઈ ગયો તો ગનીમત ! આમ તો કયાં સુધી ભટકશું ? કેટલો વિરહ કરાવશે પ્રભુ ? પ્રભુના ભક્તિવનમાં આપનો સતત અનુભવ થયા કરે છે પણ સાક્ષાત્કાર સિવાયનો આનંદ અને સાક્ષાત્ આનંદ, તેમાં આભ જમીનનો ફરક તો ખરો ને ? તૃપ્તિ ... પરિતૃપ્તિ...

ત્યાં તો શ્રીમહાપ્રભુજીનો દિવ્ય અવાજ સંભળાયો.

આપનો આદેશ સંભળાયો ....

આ યમુનાજીના જળનો પ્રવાહ દેખાય છે ? તેમાં આ નાનું શું હોડકું દેખાય છે ? તે જ અનન્ય આશ્રયરૂપ છે અને તેના બે હલેસાં સેવા અને સ્મરણ લઈ લે. તારા બન્ને હાથને તન અને મન ગણી લે અને હલેસાં ચલાવ. આ તો એક માર્ગી રસ્તો છે, કૃપા માર્ગ છે. પવિત્ર યમુનાજળ કૃપા કરીને ત્યાં જ વહી રહ્યા છે કે જયાં તમારે જવું છે, કે જયાં કૃપાનાથ રાહ જોઈ રહ્યા છે, તેમના નેજા ઉપર હાથ મૂકીને રાહ જોઈ રહ્યા છે. માના જળ સ્પર્શથી નિર્દોષ તો થઈ ગયા, શુદ્ધ પવિત્ર પ્રભુને લાયક થઈ ગયા !

શ્રીમહાપ્રભુએ કૃપા કરીને આ દુરારાધ્ય અને દુષ્કર કામ કેટલું સરળ કરી નાખ્યું ! એકમાર્ગી રસ્તો બતાવ્યો, જેથી કરીને પૂરા ભક્તિવનમાં ભટકવાનું ટળી ગયું, વિશેષ તો અમે જે પ્રભુને મળવા માટે ઉત્કટ હતા, તેથી વિશેષ તો પ્રભુ અમને મળવા

ઉત્કટ હતા તેવો અમને અનુભવ થતો રહ્યો.

હે વલ્લભ આપ સિવાય, શ્રીયમુનાજી સિવાય અમને આ ''હોડી, હલેસાં અને આદેશ'' કોણ આપત !

# પુષ્ટિ પ્રભુની વિજ્ઞપ્તિ 

પુષ્ટિ પ્રભુને પોતાના પ્રિયજનોનો વિપ્રયોગ સાલી રહ્યો છે જેથી તેમને યાદ કરીને આપ પ્રલાપ કરી રહ્યા છે.

| શબ્દ સ્વરૂપ | સ્વરૂપ સ્મૃતિ |
|---|---|
| મને છોલા દે | પદ્મનાભદાસ |
| મને જળની લોટી દે | ગદાધરદાસ |
| મને છીંટનો ડગલો દે. | વિષ્ણુંદાસ |
| મને બેજરની રોટી દે | કુંભનદાસ |
| પેલા કાંકરી મારનારે બોલાવ | ગોવિંદ સ્વામી |
| મને ધમકાવીને જમાડનારને બોલાવ | પરે |
| પેલા બેસૂરા ગાયકને બોલાવ | રૂપો પોરીયો |
| તથા પેલા નશીલા અવાજને બોલાવ | તાનસેન |
| મારે બેસવું છે. રૂની પુણીનો ઢગલો કર. | ડોસીમા |
| ધરમને ગીરવે મૂકનારો દેવાળીયો કયાં છે ? | પદ્મનાભદાસ |
| મન જાણી મુરમુરા લાવનારો કયાં છે ? | કૃષ્ણદાસ મેઘન |
| મારી એક ‘વાહ’ પર સર્વસ્વ ન્યોચ્છાવરકાર કયાં છે ? | શ્રીગિરધરજી |
| ભૂખ લાગી છે ગોળને વડાં ખવડાવ | બંગાળનો બ્રાહ્મણ (૧૩/૨૫૨) |
| બજારમાંની જલેબી તેના જ હાથની ખવડાવ | ગદાધરદાસ |
| હું ઠૂંઠવાઈ ગયો છું મારાં અંગ સીધાં કર | ડોશીમાં |
| ભલે મારાં રમકડાં તૂટયાં તૂ રડ મા .. | અમ્મા |
| મહતારી કયાં છે ? ઘી નો પીરસનાર ? | ઉત્તમશ્લોકદાસ |
| મને પણ રોકીને ‘ત્યાં જ ઠાડા રહો’ કહેનાર મર્દ કયાં છે ? | દામોદરદાસ હરસાની |
| સિદ્ધાંતના ઘડવૈયાને સિદ્ધાંત બતાવનારી બતાવ | રજો ક્ષત્રાણી |
| તાજાં રીંગણ સાથે પુરી બનાવ | પુરુષોત્તમદાસ શેઠ |
| મને ‘લલના’ કહી પૂકાર | ગોપાલદાસ |
| પહેરેલ કપડે ઘી પીરસનારો કયાં ગયો ? | વાઘાજી રાજપૂત |
| આભડછેટમાં સેવા કરનારી કયાં છે ? | વેશ્યા |
| સુવાવડમાં આર્તીપૂર્વક જગાડનારી કયાં છે ? | વીરબાઈ |

| | |
|---|---|
| દોલોત્સવ પર ઘોડે ચઢી ભાગનારો આવ્યો ? | હરિવંશ પાઠક |
| જેના ઢીંચણ છોલાયા છે તેવો મારો ઘોડો કયાં છે ? | ગજજન ધાવન |
| ચાર પ્રહર જ સેવા કરનાર મારો વિયોગી કયાં છે ? | જીયદાસ |
| જાતે ચિતા પર ચઢનારો વૈષ્ણવ પ્રેમી કયાં છે ? | યાદવેન્દ્રદાસ |
| કાચી રોટી ખાનારો મારો નામ પ્રેમી કયાં છે ? | દીનકરદાસ શેઠ |
| બ્રહ્મસંબંધનો અર્થ સમજી માથું કૂટનારો કયાં છે ? | દીનકરદાસ (૧૯/૮૪) |
| દહિંના બદલામાં મુક્તિ આપનાર સમર્થ સેવકને બોલાવ | પ્રભુદાસ જલોટા |
| જેને તીર્થનો પણ આશ્રય નથી તેવો કયાં છે ? | સંતદાસ/પ્રભુદાસ ભાટ |
| અધિકાર જાણ્યા વગર સત્સંગ નહિ કરનાર કયાં છે ? | પુરુષોત્તમદાસ જોશી |
| ‘માલા તો સીર સાટે છે’ તેવું કહેનાર દંપતી કયાં છે ? | સ્ત્રી પુરૂષ (૨૨/૮૪) |
| મારી આજ્ઞાથી તથા ગુરૂને પરમરસ પ્રાપ્તિ ખાતર પોતાનો યશહનન ખમનારો કયાં છે ? | કૃષ્ણદાસ અધિકારી |
| મારા ગોવર્ધનનાથ સ્વરૂપનો પરમ આસક્ત કયાં છે ? | કુંભનદાસ |
| જલગરીયાના ખોળામાં બેસી મારે એના કીર્તન સાંભળવા છે. | કપૂર જલઘરીયો |
| ‘આજ પછી અમને કયારેય બોલાવતા નહી.’ કહેનારો ખુમારીદાર આજકાલ કયાં છે ? | સૂરદાસ |
| ‘વ્યાવૃત્તિ કોના માટે કરે છે,’ તે ભાવ બહાર પ્રકટ ન કરનારો કયાં છે ? | ગોપાળદાસ નરોડાવાળા |
| વિવેક ધૈર્ય આશ્રય જેનામાં સ્થિર છે તે કયાં છે ? | સંતદાસ |
| વૈષ્ણવ ખાતર ‘દેહ’ ને પણ તુચ્છ જાણનારી કયાં છે ? | કૃષ્ણદાસ સ્ત્રી પુરૂષ |
| મારી આજ્ઞા છતાં જે મારા દર્શન નથી કરતો તે કયાં છે. | ગોપાળદાસ જટાધારી |
| નેગનું દૂધ દે. | (સદુ પાંડે) નરો |
| મારી નિંદા સહન ન કરનારો કયાં છે ? | નરહરદાસ |
| આપ વિના મને વનમાં સખડી – અનસખડી કોણ આપે ? તેવો વિશ્વાસુ કયાં છે ? | કન્હૈયાશાલ ક્ષત્રી |
| મારે ચોખરા સાંભળવા છે. | ગોપાદાસ ક્ષત્રી |
| જેને આચાર્યજી સામે જઈ દર્શન આપતા એવો સેવક કયાં છે ? | સુથાર શ્યામદાસ |
| મારા સુખ ખાતર બહાર ભિંજાતા રહેનારાને બોલાવ | સ્ત્રી–પુરૂષ ક્ષત્રી |
| વૈષ્ણવ ખાતર કોરડા ખાવા તૈયાર થનાર કયાં છે ? | નારાયણદાસ ઠક્કાના |

| | |
|---|---|
| મારા ગોકુળનું સતત સ્મરણ કરનારાને બોલાવ. | નારાયણદાસ કાયસ્થ |
| આચાર્યજી જેને નિત્ય દર્શન દેતા તે સેવક કયાં છે ? | અચ્યુતદાસ સારસ્વત |
| જેમનાં નેત્રમાં મહાપ્રભુજીના દર્શન થાય છે તે સેવક | અચ્યુતદાસ સનોઢીયા |
| બ્રહ્મસંબંધ થતાં જ 'કોની છીંટ' નું ભાન થનાર કયાં છે ? | વિષ્ણુદાસ છીપા |
| મારી ગિરિરાજ પર પહેલી સેવા કરનારો કયાં છે ? | રામદાસ ચૌહાણ |
| વલ્લભ વિરોધી સર્વનો ત્યાગ કરનાર કયાં છે ? | વાસુદેવ છકડા/ રામદાસ મેવાડા |
| હઠપૂર્વક મને પ્રાપ્ત કરનારો કયાં છે ? | બુલામિશ્ર |
| મને ટોકનારી કે"મારા પેટમાં વાત નથી રહેતી." વાળી કયાં છે ? | ગોરજા–સમરાઈ |
| 'હમણાં ન પધારતા' કહી વિધાતાને પણ રોકનારી કયાં છે ? | કૃષ્ણાદાસી |
| સિંકા પર ચડી લાડુ ઉતારવાનું મન થાય છે. | ક્ષત્રાણી |

આ જ ક્રમથી આગળ અને આગળ..... આપના હૃદયમાં આવે તે ભાવ અહીં ઉતારશો....

તે જ આપના માથે બિરાજતા શ્રી..... નો પ્રલાપ હશે.